# ડીસાના રસાણા નજીક એરંડા ઓઈલ મિલમાં દરોડો : પાંચ લાખથી વધુનો જથ્થો સીલ

ડીસા, તા. ૧૭

બનાસકાંઠા ડીસાના રસાણા ગામ નજીક આવેલી ખુશિયા એરંડા ઓઈલ મિલ મા આજે સાંજે જીલ્લા પુરવઠા અધિકારી અનસુયા જહાં અને ટીમે દરોડો પાડ્યો હતો,અને નિયત લાઈસન્સ વિના વપરાતો જવ્નશીલ એવો સોલાવંટ પ્રકાસ્નો જથ્થો જડપી પ્લાન્ટ ને સીલ કરતા ચકચાર મચી છે.



બનાસકાંઠા માં અનેકો પ્રકાસ્નની ઓઈલ ઈન્દ્રસ્તીજ આવેલ છે જેમાં ડીસા તાલુકાના રસાણા નજીક ખુશિઆ ઓઈલ ઈન્દ્રસ્ટ્રિજ મા પુરવઠા વિભાગ દ્વારા આજે બાતમી આધારે દરોડો પાડવામાંઆવ્યો હતો, જેમાં તપાસ દરમ્યાન જીલ્લા પુરવઠા અધિકારી અનસુયાબેન જહાં ની ધ્યાનમાં આવેલ કે આ એરડા ઓઈલ મિલમાં વપરાતો સોલવન્ટ ના જ પ્રકારનો અને અત્યંત જવનશીલ જથ્થો હેકજીવ પ્રોસેજીંગ કામમાં વપરાય છે,જેનો નિયત પરવાનો ઓઈલમિલના માલિક પાસે ન હોઈ પેટ્રોલીયમ પ્રોડક્ટ અંગે ના કાયદા મુજબ આ અપરાધ હોઈ જિલા પુરવઠા અધિકારી અનસુયા જહાં એ નિયત પરવાના વગર જવનશીલ ×હેકજીવ ×પેટ્રોલિયમ પ્રોડક્ટ નો વપરાશ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને સોલવન્ટ પ્રકાર નો ૧૮૪૯૮ લિટર પ્રવાહી જથ્થો સીલ કરી આ તમામ જથ્થાની કિંમત રૂ.૫,૮૫,૬૪૬ ની ગણીને આ તમામ જથ્થો સીલ કરી તપાસ-હાથ ધરેલ છે

આમ, પેટ્રોલીયમ પેદાશના નિયત કાયદા નાં ભંગ બદલ પુરવઠા વિભાગે આ ઓઈલ મિલ સીલ કરતા ખાદ્ય અને અખાદ્ય ઓઈલ ઉત્પાદન કરતા વહેપારીઓમાં ફફડાટ વ્યાપેલ છે.

# મેઘરજના રેલ્લાવાડાનો સીઆરપીએફ જવાન આઠ વર્ષથી લાપત્તા

મેઘરજ, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના રેલ્લાવાડાના ૧૭ વર્ષથી સીઆરપીએફમાં ફરજ બજાવતા કોદર ખાંટ ઘરેથી નિકળ્યા બાદ છેલ્લા આઠ વર્ષથી ગુમ થયા હતા. પરીવારમાં ઘેરી ચિંતા વ્યાપી ગઈ છે. પરીવાર સરકાર પાસે મદદ સાથે સહાયની માંગ કરી રહ્યો છે.

મેઘરજ તાલુકાના અંતરીયાળ અને આદિવાસી વિસ્તાર એવા રેલ્લાવાડા ગામના રહીશ સીઆઈરપીએફમાં સૈનિક તરીકે ફરજ બજાવતા કોદરભાઈ ખુમાભાઈ ખાંટ છેલ્લા આઠ વર્ષથી પોતાના વતનમાં આવી નોકરી પર જવા નિકળ્યા બાદ તેમનો કોઈ પત્તો નથી.

રેલ્લાવાડા ગામના ગરીબ પરીવારમાં જન્મેલા અને ખેતી કરી જીવન ગુજારો કરતા કોદરભાઈ ખુમાભાઈ ખાંટ ૧૯૯૨માં ગાંધીનગર ખાતે સીઆરપીએફમાં સૈનિક તરીકે ભરતી થયા હતા. ૧૫-૧૨-૧૯૯૨ના રોજ શ્રીનગર ખાતે ૭૩ બટાલીયનમાં નોકરીની શરૂઆત કરી પોતાની ફરજ દરમ્યાન આસામ જમ્મુ ગાંધીનગર એમ અલગ અલગ જગ્યાએ ૧૭ વર્ષ ફરજ બજાવી પાછા શ્રીનગર ખાતે



ફરજ પર હાજર થયા બાદ ૨૦૦૯માં તેઓ પોતાની ફરજ દરમ્યાન બિમારીમાં સપડાતા જેથી સારવાર અર્થે તેમને નવી દિલ્હી સીઆરપીએફ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં સારવાર પતાવી પોતાના વતન રેલ્લાવાડા આવ્યા બાદ ચાર-પાંચ દિવસમાં ફરજ પર જવા ૧૭-૯-૨૦૦૯ના રોજ નિકળ્યા હતા. આજે આઠ વર્ષ બાદ આજ દિન સુધી તેમનો પત્તો નથી. તેમના પરીવારજનો આઠ વર્ષથી તેમના ઘરે આવવાની કાગ ડોળે રાહ જોઈ રહ્યો છે.

પોતાના પિતા અને ભાઈ નોકરી પર જવા માટે નિકળ્યા બાદ આઠ વર્ષ સુધી પરત ન આવતા પરીવારજનોમાં ભારે ચિંતા ફરી વળી છે.

આ અંગે ઘુમ સૈનિકના પરીવારજનોએ મેઘરજ પોલીસ સ્ટેશનમાં અને ગાંધીનગર સીઆરપીએફ હેડ ક્વાર્ટરમાં સૈનિક કોદરભાઈના ગુમ થવા અંગેની ફરીયાદ પણ કરવામાં આવી હતી. પરંતુ સીઆરપીએફ વિભાગ તરફથી અહિંયા કોદરભાઈ આવ્યા નહિ હોવાનું રટળ કરી રહ્યા છે અને પાંચ વર્ષ ઉપરનો સમય થયો હોવાથી તેમને ફરજ મુક્તિનો પણ સીઆરપીએફ વિભાગે આદેશ જારી કર્યો છે. ત્યારે બિલકુલ ગરીબ પરીવારમાં જન્મેલા ગુમ સૈનિક કોદરભાઈ એક માત્ર પરીવાર જનોના જીવન નિર્વાહ માટે આધારભુત હતા હાલ તેમના પરીવારમાં ત્રણ દિકરા અને એક દિકરી અને તેમના પત્ની છે. તેમની ૧૭ વર્ષની નોકરી દરમ્યાન તેમના વિભાગમાંથી જે કઈ બચત હોય તેનો એક રૂપીયો પણ તેમને મળ્યો નથી. ત્યારે પોલીસતંત્ર અને સીઆરપીએફ વિભાગ તરફથી ગુમ સૈનિક કોદરભાઈની તપાસ કરવામાં આવે અને તેમના વારસદારોનું જીવન નિર્વાહ થાય તે માટે હકના નાણા આપવામાં આવે તેવી પરીવારજનોની માંગ છે.

આમ મા ભોમની રક્ષા કરવા સરહદ પર ફરજ બજાવતા સૈનિક પોતાના ફરજ દરમ્યાન બિમારીનો ઈલાજ કરાવી વતનમાં આવી ફરજ પર જવા નીકળી ફરજ પર ના પહોંચે ત્યારે હાલ આ સૈનિક ક્યાં છે અને તેને શોધવા માટે તંત્રની આટલી ઢીલી નિતીથી પરીવારજનોમાં ભારે રોષ વ્યાપી ગયો છે.

# મોડાસા તાલુકાના યુવા ઉત્સવમાં ૨૫૦ સ્પર્ધકો જોડાયા

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરની લઘુમતિ વિસ્તારમાં આવેલી કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે મોડાસા તાલુકાની ૪૮મી યુવા ઉત્સવ સ્પર્ધા-૨૦૧૬ યોજાઈ હતી. ૪૮મા યુવા મહોત્સવ તાલુકાના ૫૭ શાળાઓના ૨૫૦ સ્પર્ધકો જોડાયા હતા. યુવા સ્પર્ધામાં જોડાયેલા વિદ્યાર્થીઓને તેમની પ્રતિભા બહાર લાવવા શાળા પરિવાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું ખુબજ સુંદર આયોજન કર્યુ હતું.




મોડાસાની કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે સંસ્થાના પ્રમુખ જનાબ મા. ઉમર એ. પરીવાલાના અધ્યક્ષ સ્થાને યુવા ઉત્સવ સ્પર્ધા-૨૦૧૬ યોજાઈ હતી. આ યુવા સ્પર્ધામાં જુદા જુદા વિભાગની ૪૨ સ્પર્ધાઓમાં તાલુકાની ૫૭ શાળાઓના ૨૫૦ સ્પર્ધકો અને તેમના પ્રશિક્ષણ આપતા શિક્ષકોએ ઉત્સાહભેર જોડાયા હતા. જેમાં ૯ સ્પર્ધાઓમાં યજમાન કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલના સ્પર્ધકોએ શ્રેષ્ઠ દેખાવ સર્જી શાળાને ગૌરવ અપાવ્યુ હતુ. આ સ્પર્ધામાં માં. ઈકવાલ પટ્ટીવાલા રાજ્ય આચાર્ય સંઘના મંત્રી સુભાષભાઈ પટેલ, મોડાસાના સામાજીક અગ્રણી અને જીવદયા પ્રેમી નિલેષભાઈ જોષી, વિનોદભાઈ પટેલ, જિલ્લા વહીવટી સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, જિલ્લા માધ્યમિક શિક્ષણ સંઘના પ્રમુખ અશોકભાઈ પટેલ, નાલંદા શાળાના વિકાસ સંકુલના કન્વીનર ડૉ. આર. સી. મહેતા સહિત કરમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.



## ઈડર સંસ્કાર વિદ્યાલયમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો

ઈડર વિદ્યાભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન સાથે સંબધ્ધ ચાણક્ય શિક્ષણ અને સેવા ટ્રસ્ટ સંચાલિત સંસ્કાર વિદ્યાલય, ઈડરમાં ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. સંસ્કાર વિદ્યાલયમાં વાર્ષિક ખર્ચના દાતા સવિતાબેન જયંતીલાલ નાયી હસ્તે ડૉ. ઘનશ્યામભાઈ લિંબચીયા, માનવ હોસ્પિટલ, ઈડર જાહેર ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન કાનજીભાઈ ભરવાડ, રાજુભાઈ જોષી, પ્રફુલ્લભાઈ સુથાર, ઈડર સંસ્કાર વિદ્યાલય પ્રાધાનાચાર્ય, સ્ટાફ પરીવાર, પ્રમુખ, મંત્રી, ટ્રસ્ટીઓ, ચાણક્ય શિક્ષણ અને સેવા ટ્રસ્ટ, ઈડરના અગ્રણી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મેઘરજના બાંઠીવાડા ચાર રસ્તા પાસે બાઈક અને જીપ ટકરાયા

મેઘરજ, તા. ૧૭

મેઘરના બાંઠીવાડા પાસે ચાર રસ્તા ઉપર પેસેન્જર જીપ અને બાઈકના અકસ્માતના સમાચાર સોમવારે બપોરે ૧.૨૫ કલાકે મેઘરજથી આશરે બે કિલોમીટર દૂર રામગઢી રોડ પર બાંથીવાડા ચાર રસ્તા ઉપર રામગઢીથી મેઘરજ તરફ છે તેવા સમાચાર મેઘરજ મામલતદાર ડીપાર્ટમેન્ટ દ્વારા કરી મોકડ્રીલમાં જણાવાયું હતું.

ઘટનાની જાણ તંત્રને થતા



મેઘરજના તંત્રમાં થતા મેઘરજનું સરકારી તંત્ર ઘટના સ્થળે ગણતરીની મિનિટોમાં પહોંચી ગયું હતું. જો કે પાછળથી મેઘરજ માલતદાર ડીઝાસ્ટર ડીપાર્ટમેન્ટ દ્વારા મોકડ્રીલ હોવાનું જાણ થતાં લોકો તેમજ તંત્રએ રાહત અનુભવી હતી.

આવતી પેસેંજર ભરેલી જીપ અને કાલીયાકુવા રોડ ઉપરથી આવતી બાઈક બન્ને વચ્ચે બાંઠીવાડા ચોકડી ઉપર સામસામે ટકરાતાં ગંભીર અકસ્માત થયો અને હિટએન રનના કારણે ઘટનાસ્થળે એક ઝાડ પણ પડી ગયેલુ હોય તેના કારણે ટ્રાફિક થયેલ ૧૦૮ એમ્બ્યુલન્સ, પોલીસસ્ટાફ, ટી.ડી.ઓ., આર.એફ.ઓ. ફોરેસ્ટ મજુર અને સાધનો સાથે ગણતરીની મિનિટોમાં ઘટનાસ્થળે હાજર થયા હતા. જ્યારે મોકડ્રીલની જાણ તંત્રને થતા સૌએ હાંશકારો અનુભવ્યો હતો.

# હિંમતનગર નાગરિક બેન્કની થાપણો અને ધિરાણમાં વધારો

હિંમતનગર, તા. ૧૭

હિંમતનગરના વ્યાપારી વર્ગને ઉત્તમ સેવાઓ પૂરી પાડતી અને ૧૯૬૪માં સ્થપાયેલી હિમતનગર નાગરિક સહકારી બેંકના નિયામક મંડળ ધ્વારા અત્યાર સુધીની પાચ શાખાઓ શરૂ કરાઈ છે. જેમાં હિમતનગરના મહાવીરનગર, મોતીપુરા, મહેતાપુરા, માર્કેટયાર્ડ અને પ્રાંતિજમાં એપ્રોચ રોડ શાખાનો સમાવેશ થાય છે. બેંકના સુદ્દઢ વહીવટને કારણે વર્ષ ૨૦૧૫-૧૬માં ડીપોઝીટમાં રૂ.૨૩.૬૭ કરોડ અને ધિરાણમાં ૮.૮૨ કરોડનો વધારો થયો છે એમ સોમવારે બેન્કના ચેરમેન દિનેશભાઈ મહેતા તથા નિયામક મંડળ ધ્વારા દાવો કરાયો છે. તેમના જણાવાયા મુજબ બેંક તેના ગ્રાહકોને હજુ પણ સુદઢ સેવાઓ મળી રહે તે માટે સંપુર્ણ કટિબદ્ધ છે. થોડા સમય અગાઉ હિંમતનગર નાગરિક સહકારી બેન્કે સુવર્ણ જયંતી ઉજવીને સભાસદો તથા હિંતનગરની પ્રજામાં પોતાની વિશ્વસનીતાના દર્શન કરાવ્યા હતા.

# ભિલોડાના ઝીંઝુડી ગામે પેસા એક્ટ મજબુત બનાવવા બેઠક યોજાઈ

ભિલોડા,તા.૧૭

ભિલોડા તાલુકાના ઝીંઝુડી ગામમાં આદિવાસી માધ્યમિક શાળામાં ટ્રાયબલ વિસ્તારમાં પેસા એક્ટ કાયદાને મજબુત બનાવવા અને ટ્રાયબલ વિસ્તારના તાલુકાઓમાં પેસા એક્ટ કાયદાની જાણકારી આપવા બાબતે બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે ડૉ. રાજનભાઈ ભગોરા, ડૉ. એલ. જી. કટારા, ડૉ. સુરપાલભાઈ ખરાડી, ડૉ.બી.કે.ડામોર, બાબુભાઈ ખરાડી, દલજીભાઈ બળેવીયા, રૂપસિંહભાઈ ડેડુન, કાંતીભાઈ કલાસવા, રસિકભાઈ પાંડોર, રમણભાઈ પાંડોર સહિત આદિવાસી સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા તાલુકાના ટ્રાયબલ વિસ્તારના છ ગામોની પસંદગી કરવામાં આવી છે. પેસા એક્ટની જાણકારી સંદર્ભે બેઠક માર્ગદર્શકોની ઉપસ્થિતીમાં યોજાઈ હતી.ટ્રાયબલ એરીયા માટે ખાસ કાયદો પેસા એક્ટ બનાવાયો છે. ટ્રાયબલ વિસ્તારના પ્રજાજનોને પેસા એક્ટ કાયદાની જાણકારી મળી રહે તે હેતુસર ટ્રાયબલ વિસ્તાર છ ગામો કણાદર, ઝીંઝુડી, રામપુરી, શિલાદ્રી, બુધરાસણની પસંદગી કરાઈ છે. ઝીંઝુડી ગામના પ્રજાજનોને પેસા એક્ટ કાયદા વિશે માહિતગાર કર્યા હતા. ભિલોડા તાલુકાના આદિવાસી સમાજના પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

# જાહેરમાં શૌચક્રિયા મુક્ત ગ્રામિણ મહેસાણા જિલ્લો

મહેસાણા, તા. ૧૭

મહેસાણા જિલ્લો શૌચક્રિયા મુક્ત જાહેર કરવામાં આવ્યો છે. ગ્રામિણ ક્ષેત્ર નિયમાનુસાર ૧૦૦ ટકા કુટુંબોને શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવી છે. સી કે વાડી વિસ્તારના કુટુંબોને પણ શૌચાલયની સુવિધા પુરી પાડવામાં આવી છે. મહેસાણા જિલ્લાના સર્વે મુજબ ૧૩૮૦૦૧૩ કુટુંબોને આ સુવિધા આપવામાં આવી છે. આ ઉપરાંત ૮૩૧૬ શૌચાલય વિહોણા અને ૯૨૦૦ કુટુંબોને મનરેગા નીચે મંજુરીઓ આપી જિલ્લામાં ૧૫૫૫૨૯ શૌચાલયો બનાવીને ૧૧૩ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.

ખુલ્લામાં સૌચક્રિયા મુક્ત અંતર્ગત જિલ્લાના આજુબાજુના તાલુકાના જવાબદાર તંત્ર દ્વારા ચકાસણી કરીને ક્રોસ-વેરીફેક્સન કરી ગામના તથા તાલુકાના પ્રમાણ પત્રો રજુ કરવામાં આવ્યા છે. સૌચાલયની સો ટકા કામગીરીનો પ્રશ્ન ગ્રામ પંચાયત દ્વારા તાલુકા અને જિલ્લા કક્ષાએ આવેલ છે.

જિલ્લામાં કોઈ પણ જગ્યાએ આ વિષય સંબંધિત કોઈ ફરિયાદ જણાશે તો તે અંગે જિલ્લા વહીવટીતંત્ર ઝીરો ટોલરન્સ નિતિ ધરાવે છે અને આ પ્રકારના કિસ્સામાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જ્યા પણ પુરાવા મળ્યા છે ત્યાં સખત કાર્યવાહી બજાવી છે. જિલ્લામાં વ્યક્તિ, પદાધિકારી, આગેવાન કે સંસ્થા પાસે શૌચાલયની સુવિધા માટે લાયક લાભાર્થીઓની યાદી કે જાણકારી હોય તો તે જ સમયે તાલુકા વિકાસ અધિકારીને પહોંચાડવાનો અનુરોધ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરાયો છે.

## વિશ્વ એનેસ્થેસિયા દિવસની ઉજવણી કરાઈ

એનેસ્થેસિયોલોજીસ્ટમ એસોસિએશન અમદાવાદ અને આઈએસએ સિટી બ્રાન્ચ દ્વારા આવતીકાલ તા. ૧૬ ઓક્ટોબરના રોજ વિશ્વ એનેસ્થેસિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીના ભાગરૂપે અમદાવાદના વિવિધ જાહેર બગીચાઓ અને હોસ્પિટોલમાં એનેસ્થેસિયા અંગેની જનજાગૃતિ લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત એનેસ્થેસિયોલોજીસ્ટસ એસોસિએશન, અમદાવાદ દ્વારા શહેરની અને એચએલ મેડિકલ કોલેજમાં સવારે ફાયરબ્રિગેડના કર્મચારીઓને કાર્ડિયોપલ્મોનરી રીસશીટેશન અંગેની તાલીમ પણ આપવામાં આવસે.

વિશ્વ એનેસ્થેસિયા દિનની ઉજવણી અંગે માહિતી આપતા એનેસ્થેસિયોલોજીસ્ટસ એસોસિએશન, અમદાવાદના પ્રેસિડેન્ટ ડૉ. રસેશ દિવાન અને સેક્રેટરી ડૉ. ભદ્રેશ શાહે જણાવ્યું હતું કે તા. ૧૬ ઓક્ટોબર ૧૮૪૬ના રોજ અમેરિકાના હાવર્ડ સ્કૂલ ઓફ મેડિસીનની માસાચ્યુએટ્સ જનરલ હોસ્પિટલમાં વિલિયમ ટીજી મોર્ટન દ્વારા ઈથર એનેસ્થેસિયાનું પ્રથમ સફળ નિદર્શન કરવામાં આવ્યું હતું.

# નિપ્પોન પેઈન્ટ (ઈન્ડિયા)નું ઈટાલીની આઈવીએમ કેમિકલ્સ સાથે વ્યૂહાત્મક જોડાણ જાહેર

## વૂડ પેઈન્ટ બજાર પર કેન્દ્રિત રહેવા માટે વૂડ આર્ટ બાય નિપ્પોન પેઈન્ટ લોન્ચ કરાયું

ગ્રાહકોને સતત બહેતર પ્રોડક્ટો અને સોલ્યુશન્સ આપવાની વચનબદ્ધતાને વળગી રહેતાં ઓટોમોટિવ રિફિનિશ, ઔદ્યોગિક અને ડેકોરેટિવ ક્ષેત્રો માટે ઉચ્ચ ગુણવત્તાના પેઈન્ટસ અને કોટિંગ્સની અગ્રણી ઉત્પાદક નિપ્પોન પેઈન્ટ (ઈન્ડિયા) હવે વૂડ કોટિંગ્સ માટે અજોડ અને ખાસ શ્રેણી લાવી છે. નિપ્પોન પેઈન્ટ (ઈન્ડિયા) દુનિયાની અગ્રણી વૂડ કોટિંગ્સ કંપનીમાંથી એક ઈટાલીની આઈવીએમ કેમિકલ્સ સાથે તેની વ્યૂહાત્મક ભાગીદારી જાહેર કરવામાં ખુશી અનુભવે છે. નવા વૂડ આર્ટ ડિવિઝન હેઠળ આ ભાગીદારી નિપ્પોન પેઈન્ટની જાપાની ટેકનોલોજી પર આધારિત મોજૂદ વૂડ કોટિંગ પ્રોડક્ટો અને વૂડ કોટિંગ્સ બજારમાં મિલેસી, ઈલવા અને ક્રોમા લેકી જેવી આઈવીએમ કેમિકલ્સની અગ્રણી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડસને ભારતમાં પ્રમોટ અને માર્કેટિંગ કરશે.

મોટે ભાગે લાકડાં જેવા સબસ્ટ્રેટસ પર કામગીરી અને દેખાવના કારણોસર પેઈન્ટની આવશ્યકતા રહે છે. અલગ અલગ ગુણલક્ષો ખીલવવા માટે લાકડાના અલગ અલગ પ્રકાર પર પેઈન્ટ લગાવવો તે કળા છે, જેમાં આંખોને સુખદ અને કાયમી ટકાઉ સુંદર વૂડવર્ક નિર્માણ કરવાનું પુરસ્કૃત હોય છે, જ્યાં નિપ્પોન પેઈન્ટ વૂડ આર્ટનું કામ પડે છે. અમે માનીએ છીએ કે તમને એવા પેઈન્ટસ પુરા પાડી શકીએ છીએ જે ઈચ્છિત ફિનિશ નિર્માણ કરવામાં તમને મદદરૂપ થવા સાથે તમારા લાકડાને તમારી આસપાસમાં સુંદરતાના આભૂષણોમાં ફેરવી શકે.





## અરવલ્લી જિલ્લામાં શરદપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શનિવારે આસો સુદ પૂનમના રોજ સરદપૂર્ણિમાની રાત્રીએ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બન્ને જિલ્લામાં પ્રણામી સંપ્રદાયના અનુયાયીઓએ શરદપૂર્ણિમા મહોત્સવમાં ઠેર ઠેર ગરબા અને રાસોત્સવનું આયોજન કરી શ્રી રાજરયામાજી મહારાજના કિર્તન પર રાસ રમીને ભક્તિની આરાધના કરી શરદ પૂર્ણિમાની ઉજવણી કરતા મોટી સંખ્યામાં માનવમેદની ઉમટી પડી હતી. શરદપૂર્ણિમા નિમિત્તે મોડાસા, શામળાજી, હિંમતનગર, પુરાબ, ટીંટોઈ જેવા અનેક વિસ્તારોમાં પ્રણામી સંપ્રદાયના મંદિરોને શણગારવામાં આવતા રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા.